# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૨૮૩ • તા.૧૧ નવેમ્બર થી ૧૭ નવેમ્બર ૨૦૨૩



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખી માણસ બીજાના સુખનો વિચાર કરે

ધર્મનો બોધ છે કે બીજાનું સારૂં કરો તો તમારૂં સારૂં થાય. માત્ર ધન, પદ, પ્રતિષ્ઠાથી માણસ મહાન બનતો નથી. માનવીના કર્મ, સારા વિચાર અને સારી ભાવના એને ઉચ્ચ ભાવ પર પહોંચાડે છે. આ જગમાં એ જ માણસ મોટો છે જે બીજાના સુખનું વિચારે છે. પોતાના સુખનો જોનાર સ્વાર્થી છે પણ, અન્ય જરૂરત વાળાના સુખની કાળજી રાખનાર પરમાર્થી છે. નિસ્વાર્થી ભાવ અને ત્યાગ વગર મોટાઈ મેળવી શકાતી નથી. કોઈ પણ વ્યક્તિ આપ મેળે મોટો થઈ જતો નથી. કુટુંબ અને સમાજના સહકાર અને નાના માણસોના ટેકા વડે પ્રગતિ સાધી આગળ વધતાં જઈ મોટો બને છે. તેને શિખર પહોંચાડવા પાછળ જે વ્યક્તિઓ જહેમત ઉઠાવી છે. તેના ગુણ, ઉપકાર ભૂલી જવા ન જોઈએ. બીજાને સહારે ઉપર આવનાર જ્યારે અવગુણી થઈ તેને ટેકો આપનારને ભૂલી જાય છે. ત્યારે તેની મોટાઈ ખોટાઈ બની જાય છે. આ દ્રોહ છે. વિશ્વાસ હનન છે. પરિવારજનો, મિત્રો અને સમાજની સારી વ્યક્તિઓનું ઋણ માથે લેનારએ કોઈ પણ રીતે એ કરજ ઉતારી હળવું થવું જોઈએ. દાન, સેવા કે સમર્પણ અથવા સહાય કરીને સહયોગ માર્ગદર્શન દ્વારા ભલું કરવું એ જ સાચું માનવ ધર્મ છે.

માણસ સંઘર્ષ કરીને સફળતા પામે છે. શરૂઆત કાળ માં માંડ માંડ નાનકડી મૂડી જમા થાય એ માટે ઘણો ભોગ આપવો પડે છે, ઘણી કઠોર મહેનત, રાત-દિવસ એક કર્યા બાદ જે પૂંજી એકઠી થાય એનું રોકાણ બુદ્ધિ વાપરીને કરાય તો તે જમીનમાં વાવેલા બીજનું જે કાર્ય હોય એ કરે છે અને ખણખણતા નાણાં જમા થાય છે. ''પૈસાના ઝાડ નથી ઉગતાં'' એ કથન એ રીતે સાચું છે. થોડી ઘણી મૂડી જમા થઈ હોય તેને જતનથી જાળવી હોય તો સમયાંતરે મોટો ભંડોળ સર્જી દે છે નહિં તો એ જમા પૂંજી પાણીની જેમ હાથમાંથી સરી જઈ નજર સામેથી નિસરી જાય છે.

માનવીની ઉણપો અને ક્ષતિઓ ધનના ઢગલા નીચે ઢંકાઈ જાય છે. નાણાંવાળો સમર્થ ગણાય ભલે પણ તેના દોષ ઝટ નજરે આવી જાય છે. ધન એ જીવનની જરૂરિયાત છે. ભલે સાચી વાત છે પણ એ કંઈ સર્વે સર્વ નથી. તમામ સુખોને સાચાં સંબંધો પૈસાથી મળતાં નથી. દરેક વસ્તુની મર્યાદા હોય છે. તેમ જ્ઞાન, શક્તિ, સમજ અને ઉદારતા હોવા જરૂરી છે. નમ્રતાનો ગુણ એનામાં ન હોય તો તેની કિંમત કોડીની હોય છે. પૈસાથી સર્વે સાધનો, સગવડ મળે છે. પણ સુખ મળતું નથી. સાચો સંબંધ મળતો નથી.

સફળ જીવનનો હાર્દ સુખી થવામાં ને અન્યને સુખી કરવામાં નિમિત બનવામાં છે. જીવનમાં કશું પણ આપ્યા વગર મેળવી શકાતું નથી. જે જેવું વાવે છે તેવું તે લણે છે. જ્ઞાતિ, સમાજ પાસેથી કે સગા સંબંધીઓ પાસેથી જે આપણે મેળવ્યું છે. તે યથાશક્તિ પરત કરવું એ આપણો સંનિષ્ઠ પ્રયાસ હોવો જોઈએ. સફળતા મળે ત્યારે અભિમાન ન હોવું જોઈએ. અહંકાર એ પતનનો પાયો બને છે. જે સીડી આપણને ઉપર લઈ જાય છે તે નીચે પણ ઉતારી શકે છે. એ જ્ઞાન ગાંઠે બાંધી લેવું જોઈએ. જેવું કરીશું તેવું પામીશુ એ ભાવ સમજી લઈ સુખી થયા પછી અન્યને કેમ સુખી કરી શકાય એવા ભાવ ધરાવી એ તો સમાજ જલદી ઉન્નત થાય.

– જય જ્ઞાતિમૈયા

# ધીરજ એટલે સફળતાની ચાવી

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

ગુજરાતીમાં કહેવત છે કે ઉતાવળે આંબા ન પાકે. 'ઉતાવળ, અધીરાઈનો વિરૂધ્ધ શબ્દ છે ધીરજ. આ શબ્દ ઉપરથી કહેવત છે કે ધીરજના ફળ મીઠાં. આમ જીવન વ્યવહારમાં ધીરજ, ઠરેલ પણું, ઠાવકાઈ રાખવું એ ગુણ છે. ધીરજ એક એવો સદ્દગુણ છે જે માનવીમાં હોય તો તે ઘણી સમસ્યાઓથી છૂટકારો મેળવી શકે છે. ધીરજવાનને આપણે ડાહ્યો, શાંત ધીર ગંભીર કહી શકીએ. ધીરજ એટલે ઘરેણું. જે મોઘેરું આભૂષણ આપણા માટે બની શકે છે. જે ધીરજ ધરીને કામ કરે છે એ સફળતાને પ્રાપ્ત કરે છે અને સુખી, સંતોષી થાય છે.'

બાળકો નાનપણથી જ આ ગુણમાં લપેટાય એ જરૂરી છે. ઉતાવળથી આહાર ન આરોગવો, ઉતાવળથી વિચારવું નહીં અને ઉતાવળથી બોલવું નહીં. જે વગર વિચારે બોલે છે એ બફાટ સર્જે છે માટે ધીરજ રાખી, વિચારી, સમજીને વાણી પ્રવાહ વહેતો કરવો જરૂરી છે. અધીરાઈથી બોલવાથી ક્યારેક સંબંધ બગડે છે તો ક્યારે દુશ્મની-અદાવત સર્જાય છે. મૈત્રીમાં તિરાડ બની જાય છે. આજના ઝડપી યુગમાં માણસ ધીરજ ધરી શકતો નથી અને જેને લીધે મુશ્કેલીનો ભોગ બને છે. માટે બાળપણથી ધીરજનો ગુણ બાળકોમાં વિકસે એવા સંનિષ્ઠ પ્રયાસો માતા-પિતા અને શિક્ષકોએ કરવા જોઈએ. જેથી એને આગળ જતાં ખૂબ ઉપયોગી થાય.

ધીરજવાન વ્યક્તિ શાંત અને સરળ સ્વભાવી હોય છે. તે ક્રોધ કરતી નથી એ જે કંઈ પણ કરે તે શાંતિથી કરે છે માટે જે વ્યક્તિમાં ધીરજ ધરવાની ક્ષમતા હોય છે એ સુખને પ્રાપ્ત કરે છે. એટલે ઘણી વખત ઉતાવળથી કરેલા કાર્યો હાનિકારક સાબિત થાય છે. આજે રોજ બરોજ થતા મોટા ભાગના અકસ્માતોનું કારણ ધીરજનો અભાવ છે. એટલે કોઈ જ્ઞાનીએ કહેલું સરસ વાક્ય યાદ આવે છે કે 'સાવ ન પહોંચો એના કરતાં મોડા પહોંચો એ ઉત્તમ રહે છે.'

અવાર નવાર આત્મહત્યાના બનાવોની પાછળ જોઈએ તો એ ધીરજના અભાવથી ઘટેલી ઘટના ગણી શકાય. ધીરજની સાચી પરીક્ષા મુશ્કેલીના સમયમાં થાય છે. સંકટ સમયે શાંતિ, સ્થિરતા રાખવી જરૂરી અને ફાયદાકારક બને છે. માટે રામાયણનો બોધ વાક્ય છે કે મુશ્કેલીના સમયમાં વ્યક્તિ ધીરજ ધરીને મહેનત કરે તો મુશ્કેલી ચોક્કસ દૂર થાય છે અને મીઠા પરિણામ મળે છે. વ્યક્તિના સ્વભાવમાં ધીરજનો ગુણ હોવું આવશ્યક છે. જો એ ગુણ હશે તો ગમે તેવી પરિસ્થિતિમાં એ હિંમત હાર્યા વગર અડગ-અડીખમ ઊભો રહી શકશે માટે નાનપણથી જ આ ગુણ વિકસે એ ખૂબજ જરૂરી છે. ધીરજ, શ્રધ્ધા અને પ્રયત્નથી વ્યક્તિ સદ્દગુણી બને છે જેને લીધે સુખી થાય છે કે નિઃશક છે.

નાનપણમાં અભ્યાસના પાઠમાં આવેલ બોધ વાર્તા પ્રમાણે કાચબો અને સસલા એ દોડવાની શરત લગાવી હતી. જેમાં ઉતાવળ અને અધિરાઈથી ભરેલા સસલાને ધીર ગંભીર મંદગતિથી મંઝિલ તરફ આગળ વધતાં શાંત, સરળ અને સુશીલ કાચબાએ મહાત આપી વિજયી થયો હતો. એ જ પ્રકારે વ્યક્તિએ ધીરજ અને શ્રધ્ધા ક્યારે પણ છોડવા જોઈએ નહીં. બેંકના લોકરનો દરવાજો લોકર ધારકની ચાવી સાથે બેંક પાસે રહેલી ચાવી સાથે ફેરવાથી લોકર ખૂલે છે તેવી જ પ્રકારે મહેનત અને શ્રધ્ધાપૂર્વક આપણી ચાવી કાર્ય સફળતા કાજે લગાવીએ એક દિવસ ઈશ્વર પોતાની ચાવી લગાવી આપણી વહારે આવશે એટલી ધીરજ જરૂરથી રાખવી જોઈએ.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**


**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# સાંધવ નગરે આસો માસની નવપદ આયંબિલની ઓળી ઉજવાઈ





પ.પૂ.સાધ્વીશ્રી નમ્રગુણાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં રોજ ૫૦ થી વધારે સંખ્યામાં રોજ આયંબિલ ઓળીની તપસ્યા થયેલ. દરરોજ નવપદ આયંબીલની આરાધના સવારના સમૂહમાં રાઈ પ્રતિક્રમણ, સવારના પક્ષાલ પૂજા ચડાવવા લેનાર પ્રથમ લાભ, પ્રભુજીના વ્યાખ્યાન, આયંબીલ તપ. બપોરના જાપ અને નવપદની આરાધના સાંજના ભવ્યાતિ ભવ્ય અંગરચના. સાંજે પ્રતિક્રમણ પ્રભુજીની ભક્તિ ભાવના. દરેક ભાગ્યશાળી પરિવાર તરફથી ભક્તામર લક્કી ડ્રો. વ્યાખ્યાન પ્રભાવના, જાપ પ્રભાવના, પ્રતિક્રમણ પ્રભાવના, સ્નાત્રપૂજા અને પ્રભાવના રોજ સારી એવી પ્રભાવના થયેલ. દરેક દાતાશ્રીઓની ખૂબ ખૂબ અનુમોદના. પાંચ પાંચ મહિના ચાતુર્માસની આરાધના કરતા આરાધકો ૩૫ જણા ગદગથી ચાર જણ, ૧૬ જણ મુંબઈથી પધારેલ. ૨૦ જણ પધારેલ. ચાતુર્માસ દાતા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.

તા.૨૭ ઓક્ટોબરના ઉત્તમ ભવાનજી દંડ તરફથી પાંચ ભગવાનની ગુલાબની ફૂલોથી ભવ્યાતિ ભવ્ય અંગરચના કરવામાં આવેલ. તા.૨૮ ઓક્ટોબ લોકેશ ભાગચંદ જૈનના જન્મ દિવસ નિમિત્તે મરૂવાની પાંચ ભગવાની ભવ્યાતિ ભવ્ય અંગરચના કરવામાં આવેલ. તા.૨૯ ઓક્ટોબરના સવારના તપસ્વીઓને વાજતે ગાજતે સંઘ સાથે પારણા કરવા તેડી ગયેલ. તા.૮ કલાકે તપસ્વીઓના પારણા ત્યારબાદ સર્વે તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ. નવ દિવસમાં ૪૭૬ આયંબિલ તપ થયેલ. એક જણાને પ્રભાવના રૂા.૧૨૦૦ આપવામાં આવેલ. દરેક ભાગ્યશાળી પરિવારો તરફથી. દેરાસરજી સ્ટાફ, ભોજનશાળા સ્ટાફ, અતિથિગૃહ સ્ટાફ તેમજ કાર્યકર ભાઈ-બહેનોનું અનુમોદના કરવામાં આવેલ.

**તપના પ્રભાવનામાં અનુમોદનાર્થે ભાગ્યશાળી પરિવારો**

રૂા. ૫૧૦૦ એક સદ્‌ગ્રસ્ત પરિવાર, સાંધવ, રૂા.૨૭૨૭ અ.સૌ.અરૂણાબેન નવિનભાઈ લોડાયા-ઘાટકોપર, રૂા.૨૬૦૦ સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન-ઘાટકોપર, રૂા.૨૫૦૦ શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા-ઘાટકોપર, શેઠ શ્રી શામજી નરશી દંડ-મુલુંડ, માતુશ્રી પ્રભાબેન કાંતીલાલ પદમશી મોતા-નલિયા ગદગ હસ્તે દીકરીઓ હીનાબેન, મુલકુમારી, બીનાબહેન, માતુશ્રી માંકબાઈ ખીમજી નાગડા-તેરા-મુલુંડ

રૂા.૨૧૦૦ શ્રી ઠાકરશી બાલજી પટેલ, રૂા.૨૦૦૦ સાનવી સમીર મણીકાંત મૈશેરી જખૌ-ઘાટકોપર, ૧૫૦૦ શ્રી માણેક લાડણ અતિથિગૃહ શુભં ૧૦૩ના બહેનો તરફથી રૂા.૧૪૦૦ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ, રૂા.૧૬૦૦ માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર-મુંબઈ, રૂા.૧૬૦૦ નવલબાઈ ભવાનજી દંડ પરિવાર-મુંબઈ, રૂા.૧૧૦૦ માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ-મુલુંડ, માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા-ડોંબિવલી, અ.સૌ.કલાવંતીબેન દિનેશ લોડાયા, મુલુંડ, તનિષા








# સાંધવ નગરે આસો માસની નવપદ આયંબિલની ઓળી ઉજવાઈ






હિમાંશુ વિરચંદ ખોના-ડોંબિવલી, અ.સૌ.જયાબેન લક્ષ્મીચંદ દંડ-ભાંડુપ, માતુશ્રી નિર્મળાબેન નવિનચંદ્ર લોડાયા-મુલુંડ, અ.સૌ.લતાબેન પ્રકાશ કુંવરજી લોડાયા-આણંદ, શ્રી પદમશી કુંવરજી પટેલ-કલકતા, અ.સૌ.પ્રિતિબેન પ્રકાશ માણેકજી લોડાયા-થાણા, માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ માલશી લોડાયા, રૂા.૧૦૦૦ માતુશ્રી સુશીલાબેન નવિનચંદ્ર મૈશેરી-ગોખેરસમા, અ.સૌ.દિવ્યાબેન ઉમેશ ખોના-ડોંબિવલી, અ.સૌ.નયનાબેન મહેશ મુલજી મોતા-લાલા-ડોંબિવલી, અ.સૌ.ભાવનાબેન મુકેશ મોતા-નલિયા, રૂા.૫૦૦ શ્રી રાયચંદ મુરજી દંડ અને સોમચંદ મુરજી દંડ-ખંડવા, અ.સૌ.કાંતાબેન ખીમજી લોડાયા-લાલા, અ.સૌ.પલ્વી ધીરેન ખોના-નલિયા, માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના-ભાંડુપ, માતુશ્રી ગોરબાઈ કુંવરજી લોડાયા હ.દીલીપ લોડાયા-ભુજ, હંસાબેન લહેરચંદ લોડાયા-વાંકુ અને નવલબેન રતનશી પોલડીયા, રમીલાબેન મોહનલાલ સોની-નલિયા, મધુબેન પ્રેમચંદ ધરમશી-ખોરખડી, સુશીલાબેન વિસનજી પોલડીયા, મધુરીબેન રતિલાલ નાગડા, વિરચંદ લાલજી પટેલ-ગાંધીધામ, માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ-વાપી, અ.સૌ.શંકુતલાબેન રાયચંદ દંડ-મુલુંડ, દેવકુંવરબાઈ ઉમરશી ધ્રોળ-મહાદેવપુરી, માતુશ્રી ગુણવંતીબેન નરશી લોડાયા-અમદાવાદ, જયાબાઈ માણેકજી સોની-સુથરી-કાંજુરમાર્ગ, લીલાવંતીબાઈ ખુશાલચંદ સોની-બાંબડાઈ, અ.સૌ.પ્રીતીબેન ચંદ્રકાંત લોડાયા-અમદાવાદ, પ્રભાબેન કલ્યાણજી ગડા-રાધણજર, નવિભાઈ દેવણાંત લોડાયા-મુલુંડ, માતુશ્રી જોસનાબેન દામજી દંડ હ.તનય નિલેશ દંડ-મુલુંડ, અ.સૌ.દમયંતીબેન યોગેન્દ્ર ગોસર-બારોઈ, કાંતાબેન ચત્રભોજ મોમાયા-સાંયરા, એકતા પરેશ દંડ-ડોંબિવલી.

**આયંબીલની ઓળીના દાતા પરિવારો**

**ડાયમંડ દાતા**શ્રી શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા, શેઠ શ્રી શામજી નરશી દંડ

**ગોલ્ડન દાતા**શ્રી માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા હ.નવિનભાઈ લોડાયા, પ્રવિણભાઈ લોડાયા, પ્રફુલભાઈ લોડાયા, પ્રકાશભાઈ લોડાયા

**સિલ્વર દાતા**શ્રી પરિવારો માતુશ્રી ખેતબાઈ મેઘજી ખોના હ.અ.સૌ.જયશ્રીબેન જવેરચંદ ખોના, માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા હસ્તે અ.સૌ.સ્મિતા સંદિપ, અ.સૌ.જીનાલી નિરજ, માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ હ.અ.સૌ. વિજયાબેન ગોવિંદજી પટેલ, માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ-મુલુંડ, અ.સૌ.જયાબેન લક્ષ્મીચંદ નરશી દંડ, માતુશ્રી જવેરબાઈ પદમશી ખોના હ.પ.પૂ.સા.ભ.શ્રી હિરગુણાશ્રીજી મ.સા.ના પ્રેરણાથી અ.સૌ.બીના પરાગ લોડાયા અને અ.સૌ. હિરલ આદિત્ય લોડાયા, માતુશ્રી વેજબાઈ દેવણાંદ લોડાયા હ.અ.સૌ.ભારતીબેન કિશોર લોડાયા.









# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ








તા. ૩૦ ઓક્ટોબર પ્રથમ દિવસ શ્રી સાંધવ નગરે નવકારશી કરી ભુજ તરફ પ્રયાણ ભુજ નગરે પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી પુનિતગુણાશ્રીજી મ.સા. પરમ પૂજ્ય સાધ્વીજી શ્રી પાવનગુણાશ્રીજી મા.સા આદિ થાણા ૩ને વંદન કરી. અ.સૌ. જયાબેન પ્રબોધ મુનવર કોઠારા ભુજવાળા તરફથી રૂપિયા ૧૦/=ની પ્રભાવના અને બસમાં સીંગ-ચણાની પ્રભાવના કરેલ પરિવારની ખૂબ ખૂબ અનુમોદના. શ્રી નમસ્કાર મહાતીર્થ સામખયારી ખાતે શ્રી દેવદર્શન કરી શ્રી સાધર્મિક ભક્તિનો લાભ શ્રી વિપુલ ઠાકરશી પટેલ સાંધવ મુલુંડ અને શ્રી વીરેન્દ્ર ભવાનજી લોડાયા નલિયા મુલુંડવાળા પરિવારે લાભ લીધેલ.

સાંજના ચોવીયારનો લાભ મીરાન મયંક અમેરિકા ચિ. અવિર પ્રિયાંક અમેરિકા હસ્તે અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ માણેકજી લોડાયા સાંધવ-થાણા પારિવાર તરફથી રાત્રે બસમાં ભક્તિ ભાવનામાં રૂા.૧૦ની પ્રભાવના રમીલાબેન મોહનલાલ સોની-નલિયા. બાદ શ્રી ઓસીયાજી તરફ પ્રયાણ રાત્રી રોકાણ. તા. ૩૧ ઓક્ટોબર દ્વિતીય દિવસ વહેલી સવારના ૩ઃ૦૦ કલાકે ઓસીયાજી મુંબઈ, વાપીથી, અમદાવાદ યાત્રિકો સવારના આવેલ. સવારના પૂજા પાઠ દેવદર્શન કરી શ્રી ઓસીયાજી ખાતે શ્રી સચ્ચાઈ માઁની સમૂહ પેહડી પ્રસાદ કરેલ. બાદ સૌ ભાવિકોએ શ્રી સચ્ચાઈ માઁનો દર્શન આરતીનો લાભ લીધેલ.

સવારના નવકારશીનો લાભ. અ.સૌ. વિજયાબેન ગોવિંદજી પટેલ મુલુંડવાળા પરીવારએ લીધેલ. બપોરના પાલી ખાતે શ્રી નવલખા પાર્શ્વનાથ જિનાલયના શ્રી દેવદર્શન કરેલ. શ્રી સાધર્મિક ભક્તિનો લાભ. ચિ.દેવાંશ સમીર શામજીભાઈ દંડ મુલુંડ વાળા પરિવાર ચિ.દેવાંશના જન્મદિવસ નિમિત્તે બાદ બસમાં આઈસક્રીમનો લાભ ચિ. મીરાન મયંક અમેરિકા ચિ. અવિર પ્રિયાંક અમેરિકા પરિવારે લીધેલ. બાદ જેતપુરા દેવ દર્શન કરી. સ્ટેચ્યુ ઓફ પાવરના દર્શન રાની સ્ટેશન તરફ પ્રયાણ શ્રી અષ્ટાપદ તીર્થના દર્શન કરી ફાલના ગોલ્ડન ટેમ્પલ (આ તીર્થ સંપૂર્ણ સોનેરી છે)ના દેવ દર્શન કરી. શ્રી ફાલના ગોલ્ડન ટેમ્પલમાં ચોવીયારનો લાભ સંઘવીશ્રી ભાગચંદભાઇ દામજી જૈન ધરમશી પરિવાર મુલુંડવાળા એ લીધેલ શ્રી ફાલના ગોલ્ડન જૈન તીર્થ ખાતે સાંજના આરતી અને મંગલ દીવોનો લાભ શ્રી સાંધવ જૈન સંઘ હસ્તે શ્રી પ્રવીણ મોતા શ્રી હિતેશ પટેલ પરિવારે લીધેલ. આરતી ૩૫૧ મણ મંગલદીવો ૨૫૧ મણ આજ બસમાં તપસ્યા એકાસણા-૩ રૂપિયા ૧૦/=ની પ્રભાવના ચિ.મોક્ષિલ અને ચિ.વત્સલ અ.સૌ હેતલ હિતેશ પટેલ તરફથી રાત્રે બસમાં ભક્તિ ભાવના રૂપિયા ૧૦/=ની પ્રભાવના અ.સૌ. કાંતાબેન ખીમજી મોતા ગામઃ લાલા - ડોમ્બિવલી વાળા તરફથી રાત્રે શ્રી રાણકપુર તીર્થ ખાતે રોકાણ.





# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ





તા.૩૧ઓક્ટોબર દ્વિતીય દિવસ બસ પ્રવાસ દરમિયાન ચીક્કીની પ્રભાવના તથા તલના લાડુની પ્રભાવના માતુશ્રી રસીલાબેન રસિકલાલ ખોના લોનાવાલાવાળા તરફથી ચોકલેટ પ્રભાવના અ.સૌ.કલ્પનાબેન શાંતિલાલ લોડાયા સાંધવ તરફથી.

તા. ૧ નવેમ્બર ત્રિતીય દિવસ વહેલી સવારના રાણકપુર તીર્થ ખાતે શ્રી ગંભારા ખોલવાનો લાભ મળેલ બાદ વાકક્ષેપ પૂજા, કેસરપૂજા દેવદર્શન કરી સર્વે નવકારશી કરેલ નવકારશીનો લાભ શ્રી યોગેન્દ્ર ભવાનજી ગોસર ગામ : બારોઇ હાલ : જલગામ વાળા પારિવારે લીધેલ. રાણકપુર તીર્થથી શ્રી મુછાળા મહાવીર તીર્થ દર્શન વંદન કરેલ. અસંખ્ય વાંદરા આવેલ. વાંદરાને બીસ્કીટ, થેપલા, વગેરે આપેલ ખુબ જ સરસ દ્રશ્ય હતું. ત્યાંથી નાડોલ, નાડલાઈ, શ્રી વરકણા પાર્શ્વનાથ દેવદર્શન કરેલ બાદ સાધર્મિક ભક્તિનો લાભ મોક્ષિલ, વત્સલ હિતેશ ગોવિંદજી પટેલ સાથે શ્રેયા અને એકતા તેજસ પ્રવીણ મોતા પરીવારે લાભ લીધેલ. બાદ બસમાં ચોકલેટ પેકેટ, દાળ, ચીક્કી, બિસ્કિટ, કેળા વેફર, ભેલ, તલચીક્કી, સીંગ ચણા વગેરેનો લાભ શ્રી શાંતિજીન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ લાભ લીધેલ.



શ્રી વરકણા પાર્શ્વનાથ તીર્થથી શુભધામ તીર્થ (બોરેલી) સિરોહી, પાવાપુરી તીર્થ તરફ સંઘ આવેલ. ચોવીયારનો લાભ રતનબાઈ લખમશી દેઢિયા ગામ : હમલા મંજલ અને લીલાવંતી ખુશાલ સોની ગામ : બાંભડાઈ તથા નવલબેન રતનશી પોલડીયા ગામ: બાયઠ પરિવારે લીધેલ. શ્રી પાવાપુરી તીર્થના દેવદર્શન કરી. સંપૂર્ણ શ્રી પાવાપુરી તીર્થની સહલ સોલાર કારમાં બેસીને સર્વે સંઘમાં સભ્યો એ કરેલ. સર્વે યાત્રિકોને ખુબજ મઝા મળેલ બાદ શ્રી ભેરુતારક તીર્થના દેવદર્શન કરેલ શ્રી પાવાપુરી અને શ્રી ભેરૂતારક તીર્થના દર્શન કરી શ્રી જીરાવલા તીર્થના દર્શન કરેલ આ શ્રી જીરાવલા તીર્થ ખુબ જ સુંદર અને એક દેવવિમાન તુલ્ય જિનાલય છે.





# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ





અહીં અતિથિગૃહ એક રજવાડી રાજાશાહી તુલ્ય છે સંપૂર્ણ તીર્થ નિહાળી સૌ યાત્રિકો આશ્ચર્યચકિત થયેલ બાદ સંઘ શ્રી દંતાણી તીર્થ ખાતે રાત્રી મુકામ.

તા.૨ નવેમ્બર ચતુર્થ દિવસના રોજ વહેલી સવારના શ્રી દંતાણી તીર્થ એ પક્ષાલ પૂજા શ્રી દેવદર્શન કરી નવકારશી કરી આજની નવકારશીનો લાભ અ.સૌ. મીનાબેન મણિલાલ ખોના સાંધવ ભાંડુપવાળા પારિવારે લીધેલ. શ્રી ભરતભાઇ આશારીયા દંડ શ્રી સાંધવ સંઘની ખુબજ સરસ સગવડતા કરી આપેલ. શ્રી ભરતભાઇ દંડની ખૂબ ખૂબ અનુમોદના. શ્રી દંતાણી તીર્થથી સંઘ શ્રી આબુ તીર્થ શ્રી દેલવાડા તીર્થના દર્શન પૂજા કરેલ. આ એક ઐતિહાસિક તીર્થ છે ખુબજ પ્રાચીન તીર્થ છે બાદ શ્રી અચલગઢના દર્શન કરેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ ચિ.નિયાંશ અજિત, ચિ. યથર્વ અજિત, ચિ. મિત દેવેન હસ્તે અ.સૌ. અરૂણાબેન નવીન માણેકજી લોડાયા સાંધવ ઘાટકોપર વાળા પરિવારે લીધેલ. શ્રી આબુ તીર્થ શ્રી દેલવાડા તીર્થ અને પ્રાચીન પ્રતિમાજીના દર્શન કરી શ્રી સંઘ અંબાજી ધામ પધારેલ. શ્રી અંબેમાંની આરતીનો લાભ આપી દર્શન કરી શ્રી સાંધવ સંઘ કચ્છ તરફ પ્રયાણ અને ૧૪ જણા જે ભાવિકો મુંબઈ વાપીથી આવેલ તે આબુરોડ સ્ટેશનથી મુંબઈ તરફ પ્રયાણ. સાંજના ચોવીયારનો લાભ મુકેશ ખીમજી દંડ, અરૂણ ગોવિંદજી નાગડા, ખીમજી કેશવજી લોડાયા, વલ્લભજીભાઇ સોની, નવીનભાઈ ઠાકરશી મૈશેરી, નીતિન કેશવજી ધરમશી, કિરીટ કુંવરજી લોડાયા. આ સર્વે પરિવારો એ લાભ લીધેલ સર્વેની અનુમોદના. બસમાં કેળાની પ્રભાવના રતનબેન લખમશી દેઢિયા પરિવારએ લીધેલ. બસમાં એકસણાના તપસ્વીઓને રૂપિયા ૨૦/=ની પ્રભાવનાનો લાભ અ.સૌ. અરૂણાબેન નવીન માણેકજી લોડાયા એ લીધેલ. શ્રી દેલવાડા તીર્થમાં જે પણ ભાવિકો એ પૂજા કરારલ તેમને રૂપિયા ૧૦/=ની પ્રભાવનાનો લાભ અ.સૌ. વિજયાબેન ગોવિંદજી પટેલ પરિવારે લીધેલ તથા શ્રીઆબુરોડ ખાતે શેરડીના રસનો લાભ અ.સૌ. પ્રીતિબેન પ્રકાશ લોડાયા પરીવાર એ લીધેલ. આ સંપૂર્ણ યાત્રાના લાભાર્થી **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ** એ લીધેલ. યાત્રા સફળાતા પૂર્વક પુર્ણ થયેલ. સર્વે દાતા પરિવારોની ખૂબ ખૂબ અનુમોદના.





# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ



તા.૩ નવેમ્બર પાંચમો દિવસ શ્રી સાંધવ જૈન સંઘ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત શ્રી રાજસ્થાન યાત્રા પ્રવાસ પુર્ણ કરી શ્રી ધર્મનગરી શ્રી તપનગરી શ્રી સાંધવ નગરે આગમન. સર્વે ભાવિકો યાત્રિકોની સાતા સારી છે. મુંબઈ તરફ આવનાર ભાવિકોની ટ્રેન વાપી સ્ટેશન પર પુર્ણ કરવામાં આવેલ બાદ કર્ણાવતી એક્સપ્રેસ દ્વારા મુંબઈ તરફ પ્રયાણ વાપી સ્ટેશન પર સવારના નવકારશીનો લાભ શ્રી ખુશાલભાઇ ધનજી મૈશેરી પરિવાર ગામઃ નાની સિંઘોડી હાલઃ વાપી એ લીધેલ. ખુબ ખુબ અનુમોદના. જય જય શ્રી શાંતિનાથ.



બસમાં સંઘપૂજન રૂપિયા ૩૦૦/-નું થયેલ. સંઘ પૂજનમાં ભાગ લેનાર ભાગ્યશાળી પરિવારોના નામ રૂપિયા ૧૧૦૦/-, માતૃશ્રી જમકુબાઇ લાલજી પટેલ, માતૃશ્રી વિમળાબેન ખીમજી દંડ, માતૃશ્રી મણિબાઇ કુંવરજી મોતા રૂપિયા ૬૦૦/-, અ.સૌ મીનાબેન મણિલાલ ખોના, શ્રી વલ્લભજી ભાણજી સોની, શ્રી કિરીટ કરમશી દંડ રૂપિયા ૫૦૦/- ચિ.મીરાન મયંક, ચિ. અવિર પ્રિયંક, ચિ.યથર્વ અજિત નવીન લોડાયા, માતૃશ્રી મધુરીબાઈ રતિલાલ નાગડા, દેવકુંવરબાઈ ઉમરશી ધ્રોળ, રતનબેન લખમશી દેઢિયા, નવલબેન રતનશી પોલડિયા, લીલાવંતીબેન ખુશાલ સોની, જયાબેન માણેકજી સોની, ઈલાબેન વિનોદ ખોના, જિયાંશ/જીનાશ જયદીપ દિનેશ મૈશેરી, અરૂણભાઈ ગોવિંદજી નાગડા, નવીનભાઈ ઠાકરશી મૈશેરી, નીતિન કેશવજી ધરમશી, અ.સૌ. ગીતાબેન કિરીટ લોડાયા, ભાવિન મહેશ મોતા, શુશીલાબેન વિસનજી પોલડિયા, લતાબેન લેહરચંદ મોમાયા, રઘુભા કનુભા જાડેજા, વેનસી અશ્વિન ખીમજી લોડાયા, રોહિત જયેશ મોનજી સોની, કલ્પનાબેન શાંતિલાલ લોડાયા અને રેખાબેન દિલીપ લોડાયા, ક્રિષ્ના કિરીટ ખોના અને મધુરીબેન પ્રેમચંદ ધરમશી, શોભનાબેન નવીનચંદ્ર ખોના અને ગુણવંતીબેન ભરત મોતા, દમયંતીબેન વાલજી ખોના અને વિજયાબેન ભરત લોડાયા, જયાબેન વીરચંદ પટેલ અને પ્રેમાબેન રતનશી ધરમશી, રસીલાબેન રસિકલાલ ખોના અને વિમલા ખીમજી મૈશેરી. બસમાં સર્વે યાત્રિકોને રૂપિયા ૩૦૦/-નું સંઘપૂજન થયેલું. ખુબ ખુબ અનુમોદના.





# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત રાજસ્થાન યાત્રા પ્રવાસ






શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા આયોજિત શ્રી રાજસ્થાન ચાર દિવસનો યાત્રા પ્રવાસ ૫૫ જેટલાં આરાધક ભાઇ બેહનો, કાર્યકર્તા, ભાઇ-બેહનો એ સારી રીતે લાભ લીધેલ. લગભગ સર્વે ભાઇ-બેહનોએ આ રાજસ્થાન પ્રવાસ પ્રથમ વખત કરેલ. ૬૦ વર્ષથી ઉપર સુધીના ૩૫ જણા અને ૮૫ વર્ષ સુધીના વડીલો, માતાજી ૨૦ જેટલી સંખ્યામાં લાભ લીધેલ. આ યાત્રા કરવાનાર અને યાત્રાનું આયોજન કરનારની ખુબ ખુબ અનુમોદના.

કાર્યકર્તા ભાઇઓ જેમકે ખીમજીભાઈ લોડાયા, નીતિનભાઈ ધરમશી, મહેશભાઇ મોતા, પ્રકાશભાઈ લોડાયા, મણિલાલભાઇ ખોના, પ્રવીણ મોતા, હિતેશ પટેલ, મુકેશભાઈ દંડ, સર્વેની ખુબ ખુબ અનુમોદના.

આ યાત્રા પ્રવાસ દરમિયાન બસમાં ચાર દિવસ ભક્તિભાવના ભણાવનાર રઘુભા જાડેજા, કાન્તાબેન લોડાયા, મીનાબેન ખોના, મીનાબેન દંડ, રેખાબેન લોડાયા, ઈલાબેન ખોના, નયનાબેન મોતા સર્વેની ખુબ ખુબ અનુમોદના. પંકજભાઈ ડાઘાની પણ ખુબ ખુબ અનુમોદના.

ભુજથી બસ લાવનાર ઇમરાનભાઇની પણ ખુબ ખુબ અનુમોદના આ યાત્રા કરવાનાર **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**ની પણ ખુબ ખુબ અનુમોદના. આ ચાર દિવસની આનંદદાયક યાત્રામાં નવકારશી, સાધર્મિક ભક્તિ, ચોવીયારનો લાભ લેનારની પણ અનુમોદના. બસ દરમિયાન પ્રભાવના સંઘ પૂજનમાં લાભ લેનાર સર્વેની ખુબ ખુબ અનુમોદના. આ યાત્રા પ્રવાસ માટે સીધા અથવા પરોક્ષ રીતે સહયોગ કરનાર સર્વેની ખૂબ ખૂબ અનુમોદના.

– લી : ગોવિંદજી લાલજી પટેલ જય જય શ્રી શાંતિનાથ




# શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ

**સ્થાપિત અને સંચાલિત**

# શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન

## આપ સર્વેને
## ધનતેરસ તેમજ દિવાળી ની
## હાર્દિક શુભેચ્છાઓ
## અને નવા વર્ષના નુતન વર્ષાભિનંદન

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ સ્થાપિત અને સંચાલિત શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન સુવિધા યાત્રિકો માટે રહેવાની ઉતમ સગવડ આપતું સ્થળ છે.**

**અતિથિ ભવનની વિશિષ્ટ સુવિધાઓમાં**

- નૈસર્ગિક અને શાંત વાતાવરણ
- સ્વચ્છ, સુઘડ અને સુંદર દરેક રૂમમાં એરકન્ડિશન, ડબલ બેડ સાથે ડ્રેસિંગ ટેબલ અને બાથરૂમ
- અતિથિ ભવનના આતિથ્ય ઉપહાર ગૃહમાં સવારનો ગરમાગરમ ચા નાસ્તો તથા બપોરના અને સાંજના શુધ્ધ અને સાત્વિક ભોજનની સુંદર વ્યવસ્થા
- ફિલ્ટર્ડ પીવાના પાણીની વ્યવસ્થા
- સ્ટાફની ચોવીસ કલાક સેવા માટે ઉપસ્થિતિ
- નાહવા માટે ચોવીસ કલાક ગરમ પાણીની વ્યવસ્થા
- વિશાળ ચોગાનમાં ગાડી પાર્કિંગની સગવડ
- જૈન દેરાસરથી બે મિનિટના અંતરે યાત્રિક સંઘ માટે રહેવાની સગવડ
- કોઈપણ પ્રસંગના સામૂહિક આયોજન માટે સુવિધાજનક ભવ્ય હોલ.

**: મુંબઈ કાર્યાલય :**

૧૦૯, અનુરાગ બિઝનેસ સેન્ટર, ઘાટલા રોડ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧. મો.નં.૯૮૨૧૦૨૭૮૭૪.

ઈમેઈલ - kdonaliyatrust@gmail.com

સ્થાનિક કાર્યાલય : મોતા ફળિયા, જૈન દેરાસરજી પાસે, નલિયા-૩૭૦૬૫૫, તાલુકા અબડાસા (કચ્છ)

ફોન નં.૦૨૮૩૧૨૨૨૨૧૫, મેનેજર પવન કુમાર સાયલા-૯૯૦૯૭૨૯૪૫૧

બેંક એકાઉન્ટ વિગત : બેંક ઓફ બરોડા, ૨૩૪/૨૩૬ નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર, બ્રાંચ મુંબઈ-૪૦૦ ૦૦૯. સેવિંગ એકાઉન્ટ નંબર ૯૯૩૧૦૧૦૦૦૦૩૮૧૫

IFSC Code : BARB0DBBBAZ (Fifth Numeric is Number Zero)

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

## Festival Celebration Bonanza 2023

19th September - 19th November 2023

**"ZERO PROCESSING"** Charges On Retail Loans Sanctioned & Disburse During Specified Period

| HOME LOAN | 2 WHEELER LOAN | CAR LOAN | eAUTO LOAN | GOLD LOAN |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) | *7.99% (p.a.) |

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

| MORTGAGE LOAN | TRADE LOAN | COMMERCIAL VEHICLE LOAN | LOAN AGAINST PROPERTY | LOAN AGAINST INSURANCE POLICY |
|---|---|---|---|---|
| *7.99% (p.a.) | *8.49% (p.a.) | *9.49% (p.a.) | *9.49% (p.a.) | *7.75% (p.a.) |

**Head Office :** GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

www.arihantbank.com @ ArihantBank

# Anumodana

## Sanjivani Case - 117

**Name : Mr. Bipin Kantilal Luthia      Age : 56 yrs.      Village: Raydhanjar (Allepey - Kerala)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 20,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shri KDO Jain Sangh Poona | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| **Daimond Patrons** | |
| Matushri Manibai Champshi Khiyashi Luthia( H: Kulin C. Luthiua), Raydhanjar - Mulund | 2,000.00 |
| **Gold Patrons** | |
| Shri Manish Pravin Momaya, Varadia, Coimbatore | 2,000.00 |
| Adv. Shrimati Minal Bharat Khona, Suthri Navi Mumbai | 2,000.00 |
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 2,000.00 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 1,500.00 |
| Matushri Gunvanti Laxmichand Luthia , Raydhanjar, Kolkatta | 1,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Well Wisher | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi ( Shree Sai Flexi) | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Nilesh Karamsey Vikamsey | 2,000.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,000.00 |
| Shri Hanskumar L. Chheda, Sujapur - Bhandup | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi, Bangalore | 1,000.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Allepey | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla Lalji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Surendrakumar | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 300.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org   Email: Seva@kdosm.org   Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 118

**Name : Mr. Javerchand K. Nagda** **Age : 62 yrs.** **Village: Varapadhar (Malkapur)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 50,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan , Banglore | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 5,000.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 5,000.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 5,000.00 |
| **Silver Patrons** | |
| Matushri Maniben Ramji Shah (Lodaya) Nani Khavdi , Sangli | 1,000.00 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: Shri Virendra B.Lodaya) Naliya, Mulund, Mumbai | 1,000.00 |
| Shrimati Javerben Kunverji (Ramesh) Mota, Rapatr, Mulund,Mumbai | 1,000.00 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 1,000.00 |
| Matushri Madhuriben Bhavanji Lodaya, Kothara, Chalisgaon | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Matushri Lilbai Shivji Lodaya ( Jayshriben ) | 2,000.00 |
| Smt. Maneesha Kamlesh Shah (Mota ), Aurangabad | 2,000.00 |
| Sethshri Ratanshi kunverji Lodaya (H: Pritesh Lalit Nagda ) | 2,000.00 |
| Late Shri Manilal Mulji Lalka - Kolkatta | 1,000.00 |
| **Individual Donors** | |
| Shri Shreyansh Chimanlal Dagha, Varadiya - Pune | 15,000.00 |
| Well Wisher | 10,000.00 |
| Shri Dnyanesh Chimanlal Daga, Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shree Varapadhar KDO Jain Mahajan | 10,000.00 |
| Shri Navin Tokarshi Lodaya, Sayra - Pune | 10,000.00 |
| Shri Jatin Surendra Nagda, Naliya (U.S.A) | 10,000.00 |
| M/s. Chheda Enterprises | 5,551.00 |
| Shri Vijay Ramesh Maheshwari, Sandhan (Mumbai) | 5,000.00 |
| Shri Karan Girish Meisheri | 5,000.00 |
| Shrimati Pushpaben Chatrabhoj Khona, Kothara - Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Kiritkumar Naranji Meisheri, Mulund | 5,000.00 |
| Shrimati Namita Palani | 5,000.00 |
| Shree Guntur KDO Jain Mahajan, Guntur | 4,260.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Shri Amit Keshavji Nagada | 2,500.00 |

| | |
|---|---|
| Shri Hitesh Laxmichand Soni | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapar - Bhandup | 1,500.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,100.00 |
| Well Wisher | 1,000.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi, Bangalore | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka | 1,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shrimati Sarla  Lalji Lodaya, Varapadhar - Dombivli | 1,000.00 |
| Shri Chandresh Tokarshi Lodaya | 501.00 |
| Shri Nitin Raichand Sayla, Suthri - Bhandup | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org     Email: Seva@kdosm.org     Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 119**

**Name : Mr. Bhawanji Lakhamshi Bhate (Nagda)     Age : 93 yrs.     Village: Jakhau  (Amalner)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Sangh Poona | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Mandal, Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi ( Shree Sai Flexi) | 5,000.00 |
| Shri Laherchand Kunverji Meisheri | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 2,100.00 |
| Well Wisher | 2,000.00 |
| Shrimati Neeta Mahendra Poladia | 1,500.00 |
| Shri Hanskumar L. Chheda, Sujapur - Bhandup | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Ratilal Shamji Shah (Momaya), Varadiya - Bhandup | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Shrikant Shah, Raichur | 500.00 |
| Matushri Mulbai Keshavji Kalyanji Lodaya, Lala | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org     Email: Seva@kdosm.org     Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 120

**Name : Mr. Malaykant Shivji Poladia** | **Age : 64 yrs.** | **Village: Bayath (Jalgaon)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 35,000.00 |
| **Uranium Patrons** | |
| Matushri Laxmiben Hirji Virji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthri -Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree KDO Jain Gnati Mahajan, Jalgaon | 25,000.00 |
| Shri D.B. K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Sangh Poona | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 2,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,000.00 |
| Shri Kirti Dhanji Dharamshi (M/s. Deluxe Logistics Pvt. Ltd.), Bangalore | 2,000.00 |
| Late Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000.00 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Daimond Patrons** | |
| Matushri Laxmiben Javerchand Dharamshi , Kothara - Bijapur | 2,500.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,500.00 |
| **Gold Patrons** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000.00 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| Shrimati Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Deenaben Janak Daulat , Suthri - U.S.A. | 2,000.00 |
| Matushri Ratanbai Jethabhai Chheda, H: Pinakinbhai J. Chheda, Naliya - Mulund | 2,000.00 |
| Master Parth Ami Deepak Meisheri ( H: Smt. Rita Manikant Lodaya), Jakhau - Mulund | 2,000.00 |
| Shrimati Jayaben Nirenbhai Nagda Nagda, Tera ( U.S.A ) | 2,000.00 |
| Sethshri Dhanraj Thakarshi Kurwa & Shrimati Dhanlaxmi Dhanraj Kurwa, Godhra (H: Hiten Shah) | 2,000.00 |
| Sethshri Manekji Narshi Lodaya (Babuseth) & Matushri Hirbai Manekji Lodaya, Varadia ( H: hiten Shah) | 2,000.00 |
| Matushri Vejbai Vasanji Anandji Gala (Khajurwala), Manjal - Pune ( H: hiten Shah ) | 2,000.00 |
| Sethshri Shantilal Jethabhai Khona & Matushri Jayabai S. Khona, Tera - Mulund ( H: hiten Shah ) | 2,000.00 |
| Shrimati Chetna Lajesh Khona & Kalp L. Khona, Tera - Mulund ( H: hiten Shah ) | 2,000.00 |
| Shri Yomesh Dhanraj Thakarshi Kurwa, Godhra - Gaondevi , Haste : ( Hina & Hemant M. Shah ) | 2,000.00 |
| AMVIGOR ORGANICS PRIVATE LIMITED | 2,000.00 |
| **Silver Patron** | |
| Shri Vasantbhai Karamshi Vikamshi, Jakhau, Dadar | 1,000.00 |
| Matushri Mankbai Laxmichand Shoney ( H: Shri Naresh L. Shoney) Vanku, Ghatkopar | 1,000.00 |
| Matushri Gunvantiben Umarshi Lodaya, Tera, Karanja (Lad) | 1,000.00 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: Shri Virendra B.Lodaya) Naliya, Mulund, Mumbai | 1,000.00 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 1,000.00 |
| Shrimati Javerben Kunverji (Ramesh) Mota, Rapatr, Mulund,Mumbai | 1,000.00 |
| Matushri Madhuriben Bhavanji Lodaya, Kothara, Chalisgaon | 1,000.00 |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 1,000.00 |
| Shrimati Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,000.00 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona , Naliya, Ghatkopar, Mumbai | 1,000.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |

| Individual Donors | |
|---|---|
| Well Wisher | 41,000.00 |
| Well Wisher | 10,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi | 5,000.00 |
| Shri Ravi Navin Shah | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shri Nilesh Karamsey Vikamsey | 2,000.00 |
| Shri Rajendra Kumar Umarshi Desai (Lapasiya), Sayra - Raichur | 1,500.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Shri Pradipkumar V Sayla, Vapi | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 301.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

**Sanjivani Case - 121**

**Name : Ms. Bhumi Deepak Khona Age : 18 yrs. Village: Gorakhadi (Dombivli)**

| | |
|---|---|
| Shri Anantnathji Maharaj Jain Temple & It's Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patrons** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 25,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 2,500.00 |
| Shree KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Mandal , Dombivli | 2,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 1,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| **Individual Donors** | |
| Shrimati Kokilaben Sharad Khona, Baroi - Matunga | 1,10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 20,000.00 |
| Well Wisher | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Kothara - Vapi | 5,000.00 |
| Shrimati Jayshree Navin Jain | 5,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shrimati Nita Mahendra Poladia | 1,501.00 |
| Shri Rajendra Kumar Umarshi Desai (Lapasiya), Sayra - Raichur | 1,500.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,000.00 |
| Matushri Navalben jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Nitin Raichand Shah, Suthri - Bhandup | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Pomesh Hirachand Momaya, Ghatkopar | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 301.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# હુબલી નગરે શ્રી ભગવતી મહાકાળી મંડળ આયોજિત નવરાત્રોત્સવ સાનંદ સંપન્ન




કર્ણાટક રાજ્યના હુબલી નગરમાં શ્રી ભગવતી મહાકાળી મંડળ આયોજિત નવરાત્રી ઉત્સવ આનંદ ઉમંગભેર રીતે શાંતિલાલ રામજીભાઈ લાલકાના નિવાસે ઉજવાઈ ગયો. છેલ્લા ૨૭ વર્ષથી શાંતિલાલભાઈ રામજી લાલકાના સથવારે નવરાત્રી ઉત્સવનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે. જેમાં આસ્થાળુ ભાવિક ભાઈ બહેનો સહભાગી થઈ શ્રી માતાની ભક્તિ ભાવના કરે છે.

આ પ્રસંગે મંડપ સજાવટ સૌ.ચૈતાલીબેન સંદીપ લોડાયા, દરરોજના દસ ઈનામી કવરના દાતા નેવીલભાઈ નારણજી લોડાયા પરિવાર ભક્તિ ભાવનામાં સ્તવનોની રમઝટ શ્રી હુબલી કેડીઓ સંઘ તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જેમણે પણ સાથ અને સહકાર આપેલ એ સહુનો શ્રી ભગવતી મહાકાળી મંડળ વતી શાંતિલાલભાઈ લાલકા આભાર વ્યક્ત કરયો હતો.

આઠમની ઘૃતની ઉછામણી ઘૃતમણ ૧૦૦૮ની બોલી નેવીલભાઈ નારાણજી લોડાયાએ લાભ લીધેલ.



# રાપરગઢવાળી નગરના શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠા અવસરે પધારવાનું ગુજરાત રાજ્યના ગૃહમંત્રીને મોતા પરિવાર દ્વારા આગોતરુ આમંત્રણ અપાયું

સદીઓના ઈતિહાસમાં કચ્છ વતનના અબડાસાની ઐતિહાસિક ઘરાતલના રાપરગઢવાળી નગરની ધર્મ ધરા પર બેનમૂન કોતરણી યુક્ત જાજરમાન શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલયના પાવન પ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે પધારવાનું આમંત્રણ ગુજરાત રાજ્યના માનનીય ગૃહમંત્રી શ્રી હર્ષદભાઈ સંઘવીને માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારના સુપુત્રો કલ્પેશભાઈ મોતા અને હિતેશભાઈ મોતા દ્વારા અપાયું.



# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગ સંઘમાં આસો માસની આયંબિલ ઓળીની આરાધના

કર્ણાટક રાજ્યના ગદગ નગર સંઘમાં આસો માસની આયંબિલની ઓળી તા.૧૯ ઓક્ટોબરથી તા.૨૮ ઓક્ટોબર સુધી શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ગદગના નેજા હેઠળ શ્રીમતી મમુબાઈ સોનાવાળાના સૌજન્યથી સહ લાભાર્થી ૭૯ જણે લાભ લીધેલ. નકરો રૂા.૧૦૦૦ રાખવામાં આવેલ. કુલ્લ આયંબિલની સંખ્યા ૨૮૦ થયેલ. તેમાંથી ૨૧ જણાએ ૯ આયંબિલની તપસ્યા કરેલ. મહાજનશ્રી તરફથી તપસ્વીઓને પારણા કરવામાં આવેલ. વાપીથી પ્રદીપભાઈ વેરશી સાયલા ઓળી કરવા પધારેલ. આયંબિલની સ્વાદિષ્ટ વાનગી બનાવવામાં આવેલ. શ્રીમતી વિમલા સંજય મોતા તથા ગામના ભાઈ બહેનોએ રસોઈ બનાવવામાં તથા પીરસવામાં મદદરૂપ થયેલ હતા.

# નાસિક સંઘના નવનિર્માણ સંકુલનું શ્રી રાજેશભાઈ દામજી પોલડીયા નામકરણ

શાસન પ્રભાવિકા સાધ્વીવર્યા પ.પૂ.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સુશિષ્યા, ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. હતથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની તારક નિશ્રામાં નાસિક સંઘના નવનિર્માણ સંકુલનું નામ સંઘના લોકલાડીલા પ્રમુખ રાજેશભાઈ દામજી પોલડિયાના નામથી સદાય ચળકતો રહેશે. ગઢ આલા પણ સિંહ ગેલા. સાચા અર્થમાં વર્તમાનમાં નાસિક કચ્છી દશા ઓસવાલ સમાજમાં ન ભૂતો ન ભવિષ્ય એવા અકલ્પનીય કામના સંજોગો થઈ રહ્યા છે. આ સુર્વણ યોગ ફક્ત અને ફક્ત રાજેશભાઈ એ કરેલ સમાજ જાગૃતિને લીધે શક્ય બનેલ છે.

સમાજ એમની જહેમતથી સંકલ્પથી સિધ્ધિ તરફ આગે કૂચ કરી રહ્યો છે. અમે ફક્ત નામ માત્ર છીએ. એમણે રોપેલો બીજ આજે વટવૃક્ષ બનીને તૈયાર થઈ ગયો છે ને હર હમેંશ રાજેશભાઈ પોલડીયાના આશીર્વાદથી સંઘ પર છાંયડો આપશે. પરિવારે દાખવેલ અતિ ઉચ્ચ ભાવના, ઉમદા અને સર્વશ્રેષ્ઠ લાભ લઈ. રાજેશભાઈને ખરા અર્થમાં શ્રધ્ધાંજલિ અર્પણ કરી છે.

ઈલાભાભીની ઈચ્છા શક્તિ કે રાજેશભાઈનું સંભારણું કાયમ માટે માનસ પટલ પર અંકિત રહે એ માટે ઈશાકભાઈ અને પુત્રવધૂ નુપૂરબેનની દીર્ઘદ્રષ્ટિ, પરોપકારી, પ્રાજલ ભાવના આ સુવર્ણ તક તક ઝડપીને રાજેશભાઈને અર્પિત કરી છે. પરિવારે દાખવેલ અતિ ઉચ્ચ દાયિકત્વની ભાવનાને સકળ શ્રી ક.દ.ઓ.નાસિક સંઘ હૃદયપૂર્વક આવકારે છે અને તેમણે બતાવેલ હિંમત ને નમન સાથે આપનો નિર્ણય ખૂબ ખૂબ સહરાનીય છે.

રાજેશભાઈના સદ્‌ગુણો, અદ્‌ભૂત કાર્યક્ષમતા, સમાજ પ્રતિ વાત્સલ્ય લાગણી, સમાજ માટે આપેલા યોગદાન અલૌકિક હતા. એમના તંદુરસ્ત વિચારો, તટસ્થ મૂલ્યાંકન, સત્કર્મ પ્રેરણાદાયી જીવન જીવી સદા મહેકતા રહેનાર રાજેશભાઈ સદા સંઘ ઉપર આશીર્વાદની વર્ષા કરતા રહેશે.

સંકુલનું નામ રાજેશભાઈના નામથી કાયમ માટે હર સભ્યના મુખ પર છલકાતો રહેશે એ માટે પરિવારે દાખવેલ હિંમતની સંઘ દાદ આપે છે. તેમનો સમગ્ર પરિવાર વંદનીય છે.

શ્રીયુત રાજેશભાઈની વિદાય લીધાને હજી માત્ર કાંઈક જ દિવસ વિત્યાં છે. તેમણે કરેલ માર્ગક્રમ પર સમાજ આગળ વધી રહેલ છે. આપની પ્રેરણાથી સમાજનો પ્રત્યેક સભ્ય અમૂલ્ય યોગદાન આપે છે. સમાજ આ હાથ લીધેલ ભગીરથ કાર્યને સફળ રીતે પૂર્ણાહૂતિ તરફ લઈ જશે.

રાજેશભાઈ ચંદન જેવું જીવન જીવી ગયા. આજે અમોને એની સુગંધનો સહવાસ માણવાનો યોગ આપ્યો છે. આપ ધન્ય થઈને સમાજને ધન્ય કરી ગયા. અનુમોદના સાથે સંઘ વતીથી મહેન્દ્ર ડોસાભાઈ મોમાયા પ્રમુખ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન દ્વારા વ્યક્ત કરાઈ છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કેડીઓ વેલ્ફેર એસોસિયેશન
## સામાજિક સુરક્ષા યોજના

**યોજનાનો હેતુ :** જો કોઈ સભ્યનું ૫૫ વરસ પહેલાં અવસાન થાય તો એના પરિવારને મ્યુચ્યુઅલ બેનીફીટ પેટે એક સામટી રકમ મળે. સન ૧૯૯૦ માં સ્કીમ શરૂ થઈ ત્યારે રકમ રૂ. ૩૦,૦૦૦/- હતી તે થોડા થોડા વર્ષોના અંતરે વધારીને અત્યારે એપ્રિલ ૨૦૨૩ થી રૂ.૧.૦૦ લાખ કરવામાં આવી છે.

અત્યાર સુધી ૧૨,૩૦૦ કેડીઓ આ યોજનામાં જોડાયા છે ને હજુ ૫-૫૦ વરસની વયના લગભગ ૧૦,૦૦૦/- કેડીઓ જોડાયાં નથી.

અત્યાર સુધી ૪૩૨ સભ્યો સભ્યપદ મુદત દરમ્યાન અવસાન પામ્યા છે. તેમના નોમિનીને ક્લેમના રૂ. ૨.૫૦ કરોડ ચૂકવાયા છે.

એપ્રિલ ૨૩ થી ઓક્ટોબર ૨૩ સુધી ૫૫ વરસ સુધીના ૧૯ અવસાનમાંથી ૯ કેડીઓ જ આ યોજનાનાં સભ્યો હતા. અન્ય ૧૦ કેડીઓ આ યોજનામાં જોડાયેલા નહીં હોવાથી એમના પરિવારજનો વળતરથી બાકાત રહી ગયા.

આ યોજનામાં તો સ્વાર્થ સાથે પરમાર્થ છે. પોતાના પરિવાર માટે દુનિયાની સસ્તામાં સસ્તી પરંતુ વિશ્વસનીય. ૫-૫૦ વર્ષના કેડીઓને એક જ વખત રૂ.૨,૦૦૦/- ભરતા ૫૫ વર્ષની વય સુધી જીવન વીમા તથા આકસ્મિક મૃત્યુ વીમા જેવું રૂ. ૧.૦૦ લાખનું કવચ તથા પરમાર્થ રૂપે સાધર્મિક સહાયતાનો લાભ. કોઈ નોમિનીને ચૂકવાતી રકમમાં દરેક વર્તમાન સભ્યા નો ફાળો હોય છે.

**મેમ્બરશીપ એપ્લીકેશન ફોર્મ માટે નીચે ક્લીક કરો :**

**અહીં ક્લીક કરો**


દીપક ગંગાજર ડાઘા, મુલુંડ (પ્રમુખ)
**8976017830**
કિરણ ઠાકરશી મૈશેરી, હૈદરાબાદ (સેક્રેટરી)
**9885216886**
અખિલેશ ધનજી વિકમશી, મુલુંડ (સહ સેક્રેટરી)
**9819827280**


# નાંદેડ સંઘમાં ઉવસહરં લબ્ધિ કળશ યાત્રા આનંદપૂર્વક ચાલી રહી છે





મહારાષ્ટ્ર રાજ્યના નાંદેડ નગર સંઘમાં શ્રી ઉવસગ્ગહરં લબ્ધિ કળશ યાત્રા આનંદપૂર્વકથી ચાલી રહી છે. નાંદેડવાસીઓ ઉલ્લાસ અને ઉમંગથી શોભાયાત્રામાં ભાવથી જોડાઈ ધર્મલાભ લઈ રહ્યાં છે. અચલગચ્છાધિપતિના આજ્ઞાનું વર્તીની પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રામાં ભક્તિ ભાવ સાથે આનંદ મંગલ વર્તાઈ રહ્યો છે.





## શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ મધ્યે શક્રસ્તવ અભિષેકનું આયોજન થયું





શ્રી ક.દ.ઓ.જૈન સંઘ કાંજુરમાર્ગ ખાતે શ્રી વિમલનાથ દાદાના દરબારમાં પુષ્પનક્ષત્રના પાવન અવસરે શક્રસ્તવ અભિષેકનું આયોજન કરાયેલ. જેમાં મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓએ લાભ લીધેલ હતો.

---

# ઉદાર હાથે સહાય કરો અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD · KDO Swaroj · KDO BUSINESS · KDO SANJIVANI · KDO दिव्यांग · स्वाभिमान · AAWAAS · KDO UDAAN

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂણી'

● અંજારની ભારત વિકાસ પરિષદ એક એવું સંગઠન છે કે જ્યાં દેશના દરેક ક્ષેત્રના લોકો રાષ્ટ્ર વિકાસના કાર્ય કરી રહ્યું છે. ૧૦ વર્ષ પહેલાં અંજાર શાખાની શરૂઆત થઈ. વડીલ વંદના, નિઃશુલ્ક ટિફિન સેવા પ્રકલ્પ, ૪૦૦ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુક વિતરણ, મેડિકલ સાધન સહાય કેન્દ્ર વિનામૂલ્ય ગણવેશ વિતરણ ઈત્યાદિ કરાય છે.

● જામનગર મહાનગર પાલિકા દ્વારા એકત્ર કરવામાં આવેલા બે હજાર રખડતા ગૌવંશને અબડાસા તાલુકાના રાતા તળાવ ખાતે કચ્છી ભાનુશાલી ઓધવરામ સત્સંગ સંચાલિત પાંજરાપોળ ગૌશાળામાં કાયમી નિભાવ માટે આશરો અપાયો છે. સેવાધામ રાતા તળાવના વિકાસ અને સેવાકાર્યો અર્થે સંસ્થાપક મનજી ભાનુશાલી અને સંસ્થાના સેવકો ગુજરાતના પ્રવાસ પર છે. જામનગર મહાનગરપાલિકાના સાથેની બેઠકમાં નિરાધાર ગૌવંશના સુવ્યવસ્થિત પાલન માટે ચર્ચા કરતા આની જવાબદારી રાતા તળાવ ગૌશાળાને સોંપાઈ હતી.

● સંસ્કૃત ભારતી દ્વારા દર વર્ષે સંસ્કૃત સપ્તાહ ઉજવવામાં આવે છે. આ અંતર્ગત સંસ્કૃત ભાષામાં વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરાય છે. આ વર્ષે પણ કચ્છ જિલ્લાની વિવિધ શાળાઓમાં સંસ્કૃત કૃતિઓ રજૂ કરાઈ હતી. સપ્તાહ સમાપન પ્રસંગે સંસ્કૃત ચિત્રાવલી એટલે કે સંસ્કૃત હાઉઝી યોજવામાં આવી હતી. આ વેળા ૪૦ જેટલા ગીતો મોટા પડદા પર દેખાડવામાં આવ્યા હતા. જેમાં સંસ્કૃત બાળગીતો, દેશભક્તિ ગીતો, ભક્તિ ગીતો, સંસ્કૃત ગરબા, સંસ્કૃતમાં અનુવાદ થયેલા ફિલ્મ ગીતો, સંસ્કૃત કવાલી વિગેરે લોકોએ રસપૂર્વક માણ્યા હતા અને હાઉઝીના નિયમો મુજબ વિજેતાઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

● કોરોના કાળની આર્થિક કઠણાઈઓ હવે ભૂતકાળ બની ગઈ છે. જિલ્લામાં આર્થિક ચિત્ર સુધરી રહ્યું હોવાનું જણાય છે. અગાઉ કચ્છની બેન્કોમાં બિન નિવાસી ભારતીઓની મોટી રકમ સહિતની કુલ્લ થાપણે સામે ધિરાણ આપવાનો દર નીચો હતો. ત્યારે હવે ડિપોઝટ રૂા.૫૧૮૦ કરોડ સામે લોન રૂા.૨૪૨૧ કરોડ જે રેશિયો ૪૭ ટકા જેટલો હવે થયો છે. કચ્છમાં ચાર વર્ષમાં બેડ લોનની રકમ રૂા.૮૦ કરોડ વધી બેડ લોન કુલ્લ રૂા.૬૭૭.૬૯ કરોડ પહોંચી છે. એ પ્રકારની માહિતી કચ્છની લીડ બેન્કના મેનેજર મહેશકુમાર દાસે જણાવી હતી.

● ભાંગ્યુ તોય ભરૂચ એ કહેવત સમૃધ્ધિનો ભૂતકાળ વર્ણવતા કહેવાય છે. ભૂતકાળમાં લાખેણો ગણાતો લખપતનો કિલ્લો સમયની થપાટો ખાવા છતાં આજે પણ અડીખમ ઊભો છે. જમાદાર ફતેમામદ નોતિયારે બંધાવેલ આ કિલ્લો ચાર કિ.મી.ની ત્રિજ્યામાં બાંધવામાં આવ્યો છે. આ વિશાળ કિલ્લાનું મુખ્ય પ્રવેશ દ્વાર ભુજવાળું નાકું નામે ઓળખાય છે. આ કિલ્લાને ફરતે અન્ય સાત નાકા તેમજ છ બારીઓ આવેલી છે. રાજા શાહીના વખતમાં લખપત બંદર રોજની એક લાખ કોરી–કચ્છી ચલણની આવક ધરાવતું હતું.

● છેલ્લા ૩૪ વર્ષથી અબડાસા તાલુકાના કોઠારા સ્થિત સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક તરીકે સક્રીય મોરબીમાં જન્મીને કચ્છને કર્મભૂમિ બનાવનારા ૫૯ વર્ષીય ડૉ.દિનેશભાઈ ગણેશભાઈ પટેલ સરકારી કર્મચારી નહીં પણ સહકારી કર્મયોગી તરીકેની છાપ ધરાવે છે. તેઓ કામે ચડતી વખતે ઘડિયાળ ઉતારી ટેબલ પર મૂકી દે છે અને કાંડાનું કૌવત બતાવતા રહે છે. એમએસસી અને પીએચડી સુધીની મહત્વની ડિગ્રી મેળવનારા સમાજચિંતક અને સમાજસેવક છે. સમગ્ર રાજ્યમાં પહેલી વાર કનક પરના કિસાનોએ તેમના માર્ગદર્શનથી એરડાના બીજ જાતે વિકસાવ્યા છે. આંબલી માટે બે મશીન જાતે બનાવ્યા છે. જેની પેટન્ટ અરજી પેન્ડિંગ છે. વન ફળ કોટ–કોઠાની મૂલ્ય વૃધ્ધિ માટે સુંદર સફળ પ્રયોગો કર્યા છે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA